| પૂરક પ્રશ્ન ક્રમાંક.૦૨ | અગ્રતાક્રમ – ૦૩ |
|---|---|
| | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ |

**પ્રશ્ન : વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ રસ્તાઓ ઉપરાંત અન્ય કઇ–કઇ સુવિધાઓ માટે મંજુરી આપી શકાય છે? અને ખેડબ્રહ્મા તાલુકામાં કુલ કેટલી આવી સુવિધાઓ માટે મંજુરીઓ આપવામાં આવી છે ?**

**જવાબ :** વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ આદિજાતિ વિસ્તારમાં નીચે મુજબની **૧૩ પ્રકાર**ની માળખાકીય સુવિધાઓ મંજુર કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧) શાળાઓ
(૨) દવાખાનું અથવા હોસ્પિટલ
(૩) આંગણવાડીઓ
(૪) વ્યાજબી ભાવની દુકાન
(૫) વિદ્યુત અને દુરસંચારની લાઈનો
(૬) તળાવ અને બીજા નાના જળાશયો
(૭) પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઈપલાઇન
(૮) પાણી અથવા વરસાદનું પાણી એકત્ર કરવાના માળખા
(૯) નાની સિંચાઈની નહેરો
(૧૦) ઉર્જાના બિન પરંપરાગત સ્ત્રોતો
(૧૧) કૌશલ્ય વૃદ્ધિ અથવા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો
(૧૨) માર્ગો / ગ્રામ્ય રસ્તાઓ અને
(૧૩) સમુદાય કેન્દ્રો

ઉપરોક્ત માટે મહત્તમ એક હેકટરની મર્યાદામાં જંગલની જમીનની ફાળવણી કરી શકાય છે.

**ખેડબ્રહ્મા તાલુકામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ પ્રજાલક્ષી સુવિધાઓ માટે કુલ ૪૫ દરખાસ્તોને મંજુરી આપવામાં આવી છે.**

| અ. નં. | પ્રકાર | મંજૂર દરખાસ્તો |
|---|---|---|
| ૧ | રસ્તાઓ | ૧૭ |
| ૨ | પાણી પુરવઠા અને જળ સંચય | ૨૪ |
| ૩ | શાળાઓ | ૦૪ |
| | **કુલ –––** | **૪૫** |